અમેરિકા વર્તન સુધારે નહીં ત્યાં સુધી હોર્મુઝનો માર્ગ નહીં ખુલે: ઈરાન

ઇરાને અમેરિકા સમક્ષ કેટલીક આકરી શરતો મૂકી: અમેરિકા તરફથી તત્કાળ કોઇ પ્રતિક્રિયા નહીં

દુબઈ, તા. ૮(એપી): ઈરાનની પોલિટબ્યુરો જેવી સર્વોચ્ચ સંસ્થા 'સુપ્રીમ નેશનલ સિક્યોરિટી કાઉન્સિલ'એ જણાવ્યું છે કે જ્યાં સુધી અમેરિકા "પોતાના વર્તનમાં સુધારો" નહીં કરે ત્યાં સુધી હોર્મુઝની સામુદ્રધુની ખોલવામાં આવશે નહીં. આ સાથે જ ઈરાને નવી માંગણીઓ રજૂ કરી છે, જે આ જળમાર્ગ અને તેના પરના ટ્રાફિકના સંચાલન અંગેની સમજૂતી માટેની વાટાઘાટોને પ્રભાવિત કરી શકે છે.

ઈરાનના સરકારી પ્રસારણકર્તાએ કાઉન્સિલના સેક્રેટરી મોહમ્મદ બાગેર ઝોલગાદ્રનું નિવેદન પ્રકાશિત કર્યું છે, જેઓ શક્તિશાળી રિવોલ્યુશનરી ગાર્ડમાં કમાન્ડર પણ છે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, અમેરિકાએ ક્યારેય ઈરાનને ફરીથી ધમકી આપવી જોઈએ નહીં અને ઈરાન તથા આ ક્ષેત્રમાં તેના સશસ્ત્ર સહયોગીઓ સાથેના યુદ્ધનો કાયમી અંત લાવવો પડશે.

અમેરિકાએ ઈરાનના બંદરો પરથી નૌકાસેનાની નાકાબંધી હટાવવી પડશે અને આ વિસ્તારમાંથી પોતાની સેના પાછી ખેંચવી પડશે. આ ઉપરાંત, તેણે યુદ્ધના નુકસાન માટે ઈરાનને સંપૂર્ણ વળતર આપવું પડશે, પ્રતિબંધો હટાવવા પડશે અને જપ્ત કરાયેલી સંપત્તિઓને બિનશરતી મુક્ત કરવી પડશે. આ અંગે અમેરિકા તરફથી તાત્કાલિક કોઈ પ્રતિક્રિયા આવી નથી, જે નાકાબંધી ખતમ કરતા પહેલા સામુદ્રધુની અંગે કોઈ સ્વીકાર્ય સમજૂતી ઈચ્છી રહ્યું છે.

ઈરાને અગાઉ કહ્યું હતું કે તે ઓમાન સાથે સામુદ્રધુનીના સંચાલન માટે એક કરાર પર પહોંચવાની નજીક છે, જે બંને દેશોની વચ્ચે આવેલી છે.

મધ્યસ્થીની ભૂમિકા ભજવતા ખાડી આરબ દેશ ઓમાન, જેણે આ વાટાઘાટો પર પ્રમાણમાં ઓછું બોલવાનું પસંદ કર્યું છે, તેણે શનિવારે એક નિવેદનમાં જણાવ્યું હતું કે ચર્ચાઓ "સકારાત્મક અને રચનાત્મક વાતાવરણમાં" ચાલી રહી છે, અને સામુદ્રધુનીમાં જહાજો પર થતા હુમલાઓની નિંદા કરી હતી.

ઈરાને હોર્મુઝની ખાડીમાં યુએઈના જહાજ પર હુમલો કર્યો

દુબઈ, તા. ૬(એપી): સંયુક્ત આરબ અમીરાત(UAE)ના સત્તાધિકારીઓએ જણાવ્યું હતું કે અબુ ધાબીની સરકારી માલિકીની ઓઈલ અને ગેસ કંપની 'ADNOC' ના એક જહાજ પર હોર્મુઝની સામુદ્રધુનીમાંથી પસાર થતી વખતે હુમલો કરવામાં આવ્યો હતો. વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે ઈરાને કોમર્શિયલ શિપિંગ પરના હુમલાના ભાગરૂપે આ મિસાઈલ છોડી હતી. ADNOC એ એક નિવેદનમાં જણાવ્યું છે કે શનિવારે વહેલી સવારે થયેલા આ હુમલામાં કોઈ જાનહાનિ થઈ નથી. કંપનીએ જણાવ્યું હતું કે ફેબ્રુઆરીમાં અમેરિકા અને ઈઝરાયેલે ઈરાન પર યુદ્ધ શરૂ કર્યું ત્યારથી આ સામુદ્રધુનીમાંથી પસાર થતી વખતે તેના એક ડઝનથી વધુ જહાજો પર મિસાઈલો અને ડ્રોન વડે હુમલો કરવામાં આવ્યો છે.

કોસોવામાં મહિલા સાંસદે વડાપ્રધાન પર પાંચ ઈંડા ફેંક્યા!

બેલગ્રેડ, તા. ૮: નવી સરકારની રચનાના પ્રયાસોમાં કથિત અવરોધો ઉભા કરી રહેલા કોસોવોના વડાપ્રધાન આલ્બીન કુર્તી પર એમ મહિલા સાંસદે સંસદમાં જ પાંચ ઈંડાઓ ફેંક્યા હતા.

'એલાયન્સ ફોર ધ ફ્યુચર ઓફ કોસોવો' (AAK)ના શ્રીમતી ટાઈમ કાદ્રિરાજ ગુસ્સામાં તેમની તરફ આગળ વધ્યા જ્યારે તેઓ પોતાની બેઠક પર બેઠા હતા.

કાદ્રિરાજે તેમની હેન્ડબેગમાં હાથ નાખ્યો, એક ઈંડું બહાર કાઢ્યું અને તેને કુર્તી તરફ ફેંક્યું. અનેક સાંસદો અને સુરક્ષા ગાર્ડોએ વચ્ચે બચાવ કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ શ્રીમતી કાદ્રિરાજે ઈંડા ફેંકવાનું ચાલુ રાખ્યું હતું, જે તેમણે પોતાની હેન્ડબેગમાં છુપાવી રાખ્યા હતા. . બાદમાં સુરક્ષા કર્મીઓ કાદ્રિરાજને ત્યાંથી લઈ ગયા હતા. આ બનાવ પછી ગૃહ મોકૂફ રાખી દેવાયું હતું. શનિવારે આ ઘટનાના ફૂટેજ વાયરલ થતાં, સહેજ પણ પસ્તાવો ન અનુભવતા શ્રીમતી કાદ્રિરાજે આ ક્લિપ સોશિયલ મીડિયા પર શેર કરી હતી.

લગ્નના ૭ વર્ષમાં પત્નીનું મૃત્યુ થાય તો દહેજ મૃત્યુ ગણી શકાય: હાઈકોર્ટ

આ માટે પતિ કે સાસરીયાઓની સંડોવણીના કોઇ સીધા પુરાવાની જરૂર નથી

દહેજ સતામણીના પુરાવા હોય તો દહેજ મૃત્યુ ગણી શકાય

જો કે પત્નીના અપમૃત્યુ બદલ દોષિત ઠરેલા પતિની સજા આજીવન કેદમાંથી ઘટાડીને દસ વર્ષની કરી

લખનૌ, 8 ઓગસ્ટ (PTI): જો કોઈ મહિલાનું લગ્નના સાત વર્ષની અંદર મૃત્યુ થાય અને દહેજ માટે સતામણીના પુરાવા હોય, તો તેને 'દહેજ મૃત્યુ' ગણવા માટે પતિ કે સાસરીયાઓની સંડોવણીના કોઈ પ્રત્યક્ષ પુરાવાની જરૂર નથી, તેમ અલ્હાબાદ હાઈકોર્ટની લખનૌ બેન્ચે ચુકાદો આપ્યો છે. અદાલતે આ અવલોકન દહેજ મૃત્યુના એક કેસમાં દોષિત ઠરેલા વ્યક્તિ, સંદીપ સિંહ હોરાની આજીવન કેદની સજા ઘટાડીને 10 વર્ષની સખત કેદમાં ફેરવતી વખતે કર્યું હતું. રાજ્યના પાટનગરના તાલકટોરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં 2010માં પત્નીના મોતની ઘટનામાં દોષિત જાહેર થયા બાદ, ટ્રાયલ કોર્ટ દ્વારા 2010માં હોરાને આજીવન કેદની સજા ફટકારવામાં આવી હતી. હોરાએ આ સજા સામે હાઈકોર્ટમાં અપીલ દાખલ કરી હતી. શુક્રવારે આ અપીલ પર પોતાનો ચુકાદો આપતાં જસ્ટિસ અબ્દુલ મોઈન અને જસ્ટિસ પ્રમોદ કુમાર શ્રીવાસ્તવની ડિવિઝન બેન્ચે દહેજ માટે પત્નીના મોત મામલે હોરાની સજા યથાવત રાખી હતી, પરંતુ તેની સજાના વર્ષો ઘટાડી દીધા હતા. અદાલતે નોંધ્યું હતું કે મહિલાનું તેના સાસરીમાં અકુદરતી મૃત્યુ થયું હતું અને ટ્રાયલ દરમિયાન દહેજની માંગણીના સંબંધમાં ક્રૂરતા આચરવામાં આવી હોવાનું સાબિત થયું હતું. જો કે, તેની સાથે બેન્ચે એ પણ સ્વીકાર્યું કે ટ્રાયલ કોર્ટ આજીવન કેદની મહત્તમ સજા ફટકારવા પાછળના યોગ્ય અને મજબૂત કારણો આપવામાં નિષ્ફળ રહી હતી. અદાલતે જણાવ્યું કે ટ્રાયલ કોર્ટે સજાની માત્રા નક્કી કરતી વખતે ગંભીર અને હળવા સંજોગો વચ્ચે યોગ્ય સંતુલન જાળવ્યું ન હતું. હાઈકોર્ટે અવલોકન કર્યું કે વર્તમાન કેસ આજીવન કેદની સજા માટે લાયક હોય તેવા જવલ્લે જ બનતા કેસની શ્રેણીમાં આવતો નથી.

યુવાનો ભારતની સૌથી મોટી તાકાત છે: રાહુલ ગાંધી

લોકસભાના વિપક્ષના આ નેતાએ પ્રયાગરાજમાં 'છાત્રોં કી ગુંજ' કાર્યક્રમને સંબોધન કર્યું સમગ્ર વિશ્વમાં ભારતના યુવાનોને બેજોડ ગણાવ્યા

યુવાનોને ચક્રવ્યુહમાં ફસાવી દેવાયા હોવાનો આક્ષેપ

પ્રયાગરાજ (યુપી), તા. ૮(PTI): કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ શનિવારે જણાવ્યું હતું કે ભારતના યુવાનો દેશની સૌથી મોટી તાકાત છે અને તેમની ક્ષમતા વિશ્વમાં અજોડ છે.

અહીં કેપી ગ્રાઉન્ડ ખાતે 'છાત્રોં કી ગુંજ' કાર્યક્રમને સંબોધતા ગાંધીએ કહ્યું, તમે ભારતની શક્તિ અને ગૌરવ છો. જ્યારે હું આ કહું છું, ત્યારે હું ભારતના દરેક નાગરિક વિશે વાત કરી રહ્યો છું. તેમણે ઉમેર્યું, આ સાંજે હું તમારી સાથે દર્દ, ડેટા અને દૌલત વિશે વાત કરવા માંગુ છું. લોકસભાના વિરોધ પક્ષના નેતાએ જણાવ્યું હતું કે ભારતના ૪૦ કરોડ યુવાનો દેશની સૌથી મોટી તાકાત છે. તેમણે કહ્યું કે જ્યારે અમેરિકા, ચીન અને રશિયા વિશે ઘણી ચર્ચા થાય છે, ત્યારે ભારતના યુવાનો અજોડ છે. આ કાર્યક્રમમાં રાહુલ ગાંધી તેમના જાણીતા સફેદ પોષાકને બદલે અડધી બાંયનું ગુલાબી શર્ટ પહેરીને આવ્યા હતા.

રાહુલ ગાંધીએ દેશમાં શૈક્ષણિક લાયકાતોના ઘટી રહેલા મૂલ્ય અંગે પણ ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું, આજે ભારતમાં શિક્ષણના પ્રમાણપત્રોનો કોઈ અર્થ નથી કારણ કે તે તમને નોકરી અપાવી શકતા નથી. ગાંધીએ કહ્યું હતું કે દેશમાં રોજગારના તમામ દરવાજા "બંધ" છે. તેમણે ઉમેર્યું કે મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રમાં ઘટાડો, લોન મેળવવામાં મુશ્કેલીઓ, પરીક્ષાના પેપર લીક થવા અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI)ના કારણે નોકરીઓ ગુમાવવી વગેરે બાબતો યુવાનોના ભવિષ્યને નુકસાન પહોંચાડી રહી છે. દેશભરમાં તાજેતરમાં થયેલા વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શનો અંગે ગાંધીએ કહ્યું કે યુવાનોએ પોતાના ડરનો સામનો કરીને અંધકારમાં એક પ્રકાશ પ્રગટાવ્યો છે અને આમ કરીને દેશને બદલવામાં મદદ કરી છે. અમે ક્યારેય નફરત કે હિંસાનો આશરો નહીં લઈએ.

કેરળની શાળામાં સાવરકર પરના પ્રશ્નથી રાજકીય બબાલ

વિવાદિત પ્રશ્નમાં પૂછવામાં આવ્યું હતું કે, "અંગ્રેજો તરફથી સૌથી કડક સજા પામનાર સ્વતંત્રતા સેનાની કોણ છે?"

તિરુવનંતપુરમ, તા. 8 (પીટીઆઈ): શાળાની એક ક્વિઝમાં હિંદુત્વ વિચારધારક વી. ડી. સાવરકરને 'અંગ્રેજો તરફથી સૌથી કડક સજા પામનાર' સ્વતંત્રતા સેનાની તરીકે વર્ણવતા પ્રશ્નને લઈને કેરળમાં રાજકીય વિવાદ સર્જાયો છે, જેના પગલે સામાન્ય શિક્ષણ મંત્રી એન. સમસુદ્દીને તપાસના આદેશ આપ્યા છે. મંત્રીના કાર્યાલય દ્વારા શનિવારે જારી કરાયેલા એક નિવેદનમાં જણાવાયું છે કે, તેમણે સામાન્ય શિક્ષણ નિયામકને ક્વિઝ કોણે તૈયાર કરી અને યોજી તેની તપાસ કરવા અને જવાબદારો સામે સખત કાર્યવાહી કરવા સૂચના આપી છે.

કાસરાગોડ, કુંબલા અને મંજેશ્વર સબ-ડિસ્ટ્રિક્ટની શાળાઓમાં પ્રાથમિકના વિદ્યાર્થીઓ માટે 6 ઓગસ્ટે આ 'ફ્રીડમ ક્વિઝ' યોજવામાં આવી હતી.

મુંબઈનો વેપારી રૂ.4 કરોડના હીરા લઈને ફરાર

મુંબઈ, તા. 8 (પીટીઆઈ) મુંબઈમાં એક હીરાવેપારી વેચાણ માટે અસંખ્ય વેપારીઓ પાસેથી લીધેલા આશરે રૂ.4 કરોડની કિંમતના હીરાની કથિત રીતે ઉચાપત કરીને ફરાર થઈ ગયો છે. એમ પોલીસે જણાવ્યું હતું. બાંદ્રા-કુર્લા કોમ્પ્લેક્સ (બીકેસી) પોલીસે હીરાવેપારી સ્મિત અલ્પેશભાઈ શાહ વિરુદ્ધ છેતરપિંડી અને ગુનાહિત ઉચાપતનો ગુનો નોંધી તેની શોધખોળ શરૂ કરી છે.

પોલીસના જણાવ્યા અનુસાર, શાહે કથિત રીતે ભારત ડાયમંડ બુર્સ (બીડીબી) ના વેપારીઓ પાસેથી હીરા વેચીને પાછળથી ચુકવણી કરવાની ખાતરી આપીને હીરા લીધા હતા.

ટ્રમ્પના જમાઈ માઈકલ બુલોસ ખાનગી મુલાકાતે કોચી પહોંચ્યા

કોચી, તા. 8 (PTI) યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના જમાઈ માઈકલ બુલોસ શનિવારે ખાનગી મુલાકાતે કોચી પહોંચ્યા હતા. એમ સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું. ટ્રમ્પની પુત્રી ટિફની ટ્રમ્પ સાથે લગ્ન કરનાર બુલોસની સાથે ભારતમાં યુએસ એમ્બેસેડર સર્જિયો ગોર પણ હતા. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, બુલોસ તેમના રોકાણ દરમિયાન કોચી અને પડોશી આલપ્પુઝાના પ્રવાસી સ્થળોની મુલાકાત લઈ શકે છે. જોકે, તેમના પ્રવાસ કાર્યક્રમની વિગતોની પુષ્ટિ થઈ નથી. કેટલાક મીડિયા અહેવાલોમાં જણાવાયું હતું કે, કેરળના મુખ્યમંત્રી વી. ડી. સતીશને બુલોસ સાથે ચર્ચા કરી હતી, પરંતુ મુખ્યમંત્રી કાર્યાલય (સીએમઓ)એ આ અહેવાલોને ફગાવી દીધા હતા. તેમણે પુષ્ટિ કરી હતી કે, મુખ્યમંત્રી સતીશને અહીં યુએસ એમ્બેસેડર સાથે વાતચીત કરી હતી. સરકારી સૂત્રએ જણાવ્યું હતું કે, "તે એક સત્તાવાર બેઠક હતી. આ અંગેનો અન્ય કોઈ પણ અહેવાલ ખોટો હતો." સંપર્ક કરવામાં આવતાં યુએસ એમ્બેસીના પ્રવક્તાએ કહ્યું હતું કે, "માઈકલ બુલોસ લગભગ એક દાયકાથી એમ્બેસેડર ગોરના મિત્ર છે. તેઓ તેમના મિત્રને મળવા માટે આ વર્ષે બીજી વખત ભારતની મુલાકાતે આવ્યા છે. તેઓ અહીં તેમની અંગત ક્ષમતામાં આવ્યા છે, કોઈ સત્તાવાર મુલાકાતે નથી."

સિડનીમાં વિઝા મુદ્દે સ્ટેજ શો રદ થતાં અભિનેતા મોહનલાલે માફી માંગી

તિરુવનંતપુરમ, તા. 8 (PTI): મલયાલમ સુપરસ્ટાર મોહનલાલે શનિવારે ઓસ્ટ્રેલિયાના સિડનીમાં યોજાનારા સ્ટેજ શોના આયોજકો અને દર્શકોની માફી માંગી હતી. કારણ કે, વિઝા ન મળવાને કારણે તેઓ આ કાર્યક્રમ માટે પ્રવાસ કરી શક્યા ન હતા. સિંગાપોરથી રેકોર્ડ કરાયેલા એક વીડિયો સંદેશમાં મોહનલાલે આ કાર્યક્રમમાં હાજર ન રહી શકવા બદલ પોતાની નિરાશા વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે, તેઓ આ પરિસ્થિતિ માટે કોઈને દોષ આપવા માંગતા નથી.

સલમાન ખાનના ગેલેક્સી એપાર્ટમેન્ટ બહાર તૈનાત પોલીસકર્મીનું મોત

મુંબઈ, તા. 8: બોલિવૂડ સ્ટાર સલમાન ખાનના ઘર બહાર તૈનાત પોલીસકર્મીનું મોત થયું છે. રિપોર્ટમાં મોતનું કારણ હાર્ટ અટેક બતાવવામાં આવી રહ્યું છે. રિપોર્ટ અનુસાર, મુંબઈ પોલીસના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું કે, કોન્સ્ટેબલ ગણેશ સલમાન ખાનના ઘર બહાર તૈનાત હતા. તેમની ઉંમર 41 વર્ષ હતી. તેઓ એ પોલીસકર્મીઓમાં સામેલ હતા, જેમને લોરેન્સ બિશ્નોઈથી સલમાનની સુરક્ષા માટે તૈનાત કરવામાં આવ્યા હતા. કોન્સ્ટેબલ ગણેશની તબિયત અચાનક બગડી હતી અને ઢળી પડ્યા હતા. ઘટનાસ્થળે હાજર અન્ય પોલીસકર્મીઓ તેમને નજીકની હોસ્પિટલ લઈ ગયા, જ્યાં ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા. પોલીસે જણાવ્યું કે, તેમનું મોત હાર્ટ અટેકના કારણે થયું. સલમાન ખાનના ઘર પર અત્યારે દેખરેખ રાખવામાં આવી રહી છે અને તેમને પોલીસ સુરક્ષા આપવામાં આવી છે.

માધુરી દીક્ષિત અને શ્રીરામ નેનેએ જુહૂનો ફ્લેટ રૂ. 4.40 કરોડમાં વેચ્યો

મુંબઈ, તા. 8: માધુરી દીક્ષિત અને તેમના પતિ ડૉ. શ્રીરામ માધવ નેનેએ મુંબઈના પોશ વિસ્તાર જુહૂમાં આવેલો વધુ એક ફ્લેટ રૂ. 4.40 કરોડમાં વેચ્યો છે, જેને તેમણે લગભગ 14 વર્ષ પહેલાં રૂ. 1.94 કરોડમાં ખરીદ્યો હતો. સીઆરઈ મેટ્રિક્સ દ્વારા મેળવેલા પ્રોપર્ટી રજિસ્ટ્રેશન દસ્તાવેજો અનુસાર, આ સોદો લગભગ 127 ટકાનો મૂડી વધારો દર્શાવે છે. દસ્તાવેજો અનુસાર, આ વ્યવહાર 3 જુલાઈ, 2026ના રોજ રજિસ્ટર થયો હતો, જેમાં ખરીદદારે રૂ. 26.40 લાખની સ્ટેમ્પ ડ્યુટી અને રૂ. 30,000 રજિસ્ટ્રેશન ચાર્જ ચૂકવ્યો હતો. આ ફ્લેટ જુહૂ વિલે પાર્લે ડેવલપમેન્ટ (જેવીપીડી) સ્કીમમાં મિલિટરી રોડ પર આવેલી 'ધ દીપ વર્ષા કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી લિમિટેડ'ના ભાગરૂપ આઇરિસ પાર્કના નીચલા માળે આવેલો છે.

અફેરની અફવાઓ વચ્ચે ગોવિંદા એક્ટ્રેસ કોમલ સાથે જોવા મળ્યો

મુંબઈ, તા. 8 : બોલિવૂડ એક્ટર ગોવિંદા આજકાલ એક એક્ટ્રેસ સાથે નામ જોડાવાને કારણે ચર્ચામાં છે. પત્ની સુનીતા અવારનવાર તેમના પર એક્સ્ટ્રા મેરિટલ અફેર અને દગો કરવાના આરોપ લગાવી ચૂકી છે. અફેરની અફવાઓ વચ્ચે ગોવિંદા એક્ટ્રેસ કોમલ રાની સ્વર્ણકાર સાથે એરપોર્ટ પર જોવા મળ્યો હતો, જેમનું નામ તેમની પત્ની સુનીતા પણ લઈ ચૂકી છે. સુનીતાએ થોડા સમય પહેલાં જ કહ્યું હતું કે, તેમને 'કોમલ' નામથી નફરત છે. શુક્રવારે ગોવિંદા ઝારખંડ એરપોર્ટ પર કોમલ સાથે જોવા મળ્યો હતો. બ્લેક જેકેટ અને કાળાં ચશ્માં પહેરેલા ગોવિંદા કારમાંથી ઊતરે છે અને પેપરાઝીને પોઝ આપે છે. થોડી વાર પછી એક્ટ્રેસ કોમલ રાની સ્વર્ણકાર પણ તેમની સાથે જ એરપોર્ટની અંદર જતી જોવા મળી હતી.

ડેન્ગ્યુ થયા બાદ અવિકા ગોર હોસ્પિટલમાં દાખલ

મુંબઈ, તા. 8: 'બાલિકા વધૂ'માં આનંદીના લોકપ્રિય પાત્ર માટે જાણીતી અભિનેત્રી અવિકા ગોર પાંચ દિવસથી સખત તાવ સામે ઝઝૂમ્યા બાદ હોસ્પિટલમાં દાખલ થઈ છે. અભિનેત્રીને ડેન્ગ્યુ થયો હોવાનું નિદાન થયું છે. તેના પતિ મિલિંદ ચંદવાનીએ તેના સ્વાસ્થ્ય વિશે અપડેટ શેર કર્યું હતું અને ચાહકોને તે ઝડપથી સાજી થાય તે માટે પ્રાર્થના કરવા વિનંતી કરી હતી. શુક્રવારે મિલિંદે ઇન્સ્ટાગ્રામ પર એક વીડિયો શેર કરીને ખુલાસો કર્યો હતો કે, અવિકાને ગઈ રાત્રે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. તેના નિદાન સુધીના દિવસોને યાદ કરતાં મિલિંદે કહ્યું, "અવિકા ગઈ રાતથી હોસ્પિટલમાં છે. તેને છેલ્લા પાંચ દિવસથી 103-104 ડિગ્રી તાવ હતો.''

સ્વરા ભાસ્કરને પણ ડેન્ગ્યુ થયો

મુંબઈ, તા. 8: બોલિવૂડ અભિનેત્રી સ્વરા ભાસ્કરને ડેન્ગ્યુ થતાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે. સોશિયલ મીડિયા પર સક્રિય રહેતી સ્વરાએ ઇન્સ્ટાગ્રામ સ્ટોરી દ્વારા તેના ચાહકો સાથે સ્વાસ્થ્ય અપડેટ શેર કર્યું હતું. સ્વરા ભાસ્કરે હાથમાં ડ્રિપ સાથે હોસ્પિટલના પલંગ પર સૂતેલી પોતાની એક તસવીર પોસ્ટ કરી હતી. સ્વરાએ હોસ્પિટલનાં કપડાં પહેર્યાં છે અને તેના ચહેરા પર થાક સ્પષ્ટપણ દેખાઈ રહ્યો છે. જોકે, હજી પણ હસતી રહે છે અને વિજયનું ચિન્હ બતાવી રહી છે. સ્વરા ભાસ્કરે પોતાની ઇન્સ્ટાગ્રામ સ્ટોરી પર લખ્યું, ''આ ચેપ ખૂબ જ ઝડપથી વધ્યો. ડેન્ગ્યુ થતાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી.''

Exclusively focused on premium, value-added dairy products (Source: 1Lattice Report)
Diversified product categories
Manufacturing facilities equipped with advanced machinery to ensure consistent quality of products and operational efficiency

*(Among companies with revenue scale of more than ₹15,000 million) in India in terms of revenue, growing at a CAGR of 31.26% from Fiscal 2024 to Fiscal 2026. (Source: 1Lattice Report) | # As of March 31, 2026

MILKY MIST DAIRY FOOD LIMITED is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public offering of its Equity Shares and has filed the RHP with RoC, SEBI and the Stock Exchanges on August 4, 2026. The RHP shall be available on the website of SEBI at www.sebi.gov.in, and is available on the websites of the Stock Exchanges i.e. BSE and NSE at www.bseindia.com and www.nseindia.com, respectively, on the website of the Company at www.milkymist.com and the websites of the BRLMs, i.e., JM Financial Limited, Axis Capital Limited and IIFL Capital Services Limited (formerly known as IIFL Securities Limited) at www.jmfl.com, https://www.axiscapital.co.in/ and www.iiflcapital.com, respectively. Any potential investors should note that investment in equity shares involves a high degree of risk and for details relating to such risk, see "Risk Factors" beginning on page 23 of the RHP. Potential investors should not rely on the DRHP and should instead rely on their own examination of our Company and the Offer, including the risks involved, for making any investment decision.
The Equity Shares offered in the Offer have not been and will not be registered under the U.S. Securities Act of 1933, as amended (the "U.S. Securities Act") or any state securities laws in the United States and, unless so registered, may not be offered or sold within the United States, except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and applicable state securities laws. Accordingly, such Equity Shares are being offered and sold (i) outside of the United States in offshore transactions in reliance on Regulation S under the U.S. Securities Act and the applicable laws of the jurisdiction where those offers and sales occur; and (ii) within the United States to "qualified institutional buyers" (as defined in Rule 144A under the U.S. Securities Act), pursuant to the private placement exemption set out in Section 4(a) of the U.S. Securities Act. The Equity Shares have not been and will not be registered, listed or otherwise qualified in any other jurisdiction outside India and may not be offered or sold, and Bids may not be made by persons in any such jurisdiction, except in compliance with the applicable laws of such jurisdiction. There will be no public offering in the United States.